૫૦૧/૩,૭૧૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૨ જૂન, ૨૦૧૧)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫)** **સત્સંગ પરિચય - ૧**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૭૫)**

## વિભાગ - ૧ : સહજાનંદ ચરિત્ર - તેરમી આવૃત્તિ, માર્ચ - ૨૦૧૦

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''શું જીત કરી ? ધૂળ અને ઢેફાં ખાધાં.'' (૯૭)
૨. ''એ તો અમારી કાઠીની રીત કહેવાય.'' (૬૮)
૩. ''કન્યા મળતી હતી છતાં શા સારુ બ્રહ્મચારી રહ્યો !'' (૧૦)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. સાંજ થતાં વછેરું લાત મારવાની ટેવ ભૂલી ગયું. (૯૦, ૯૧)
૨. મહારાજે ખસતામાં નદી તીરે બ્રહ્માંડ ભેદાઈ જાય તેવો નાદ કર્યો. (૧૪૩)
૩. હરિભક્તોએ સંતોને ખટરસ મુકાવી દેવા મહારાજને પ્રાર્થના કરી. (૮૧, ૮૨)

**પ્ર.૩ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

૧. કૃપાસાધ્ય શ્રીજીમહારાજ (૬૦) ૨. સંતોને પગરખાં પહેરાવ્યાં (૧૩૮) ૩. ભાવનગરમાં પધરામણી (૧૪૧)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. વણકર તેજાભાઈ થકી કોણ સત્સંગી થયા હતા ? (૧૩૨)
૨. વરજાંગ જાળિયામાં મહારાજે કેવી રીતે નાહવાની વાત કરી ? (૮૩)
૩. ડનલોપ સાહેબે અમદાવાદમાં સત્સંગીને શું પૂછ્યું ? (૯૩)
૪. ભુજમાં મંદિરના બાંધકામ માટે મહારાજે કોને મોકલ્યા ? (૧૧૮)
૫. મહારાજે છોકરાને થૂંકવા બાબતે શું સમજાવ્યું ? (૧૦૧)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. શ્રીજીમહારાજ સત્સંગ છોડી વનમાં જવા તૈયાર થયા. (૯૯)

(૧) ☐ હરિહર્યાનંદ અને નિર્વિકલ્પાનંદને બ્રહ્માનંદ સ્વામીની ઈર્ષ્યા થઈ.
(૨) ☐ ''સંતો બરોબરિયાપણું રાખે છે, માટે આવા સત્સંગમાં રહેવું નથી.''
(૩) ☐ કદરજ ગામે ચાર સદ્‌ગુરુઓ કર્યા.
(૪) ☐ ''આપ કહેશો તેની આજ્ઞામાં રહીશું, એ કહેશે તેમ કરશું.''

૨. શ્રીજીમહારાજે કહેલો મૂળજી ભક્તનો મહિમા. (૪૧-૪૨)

(૧) ☐ ''એ તો હરતાં-ફરતાં રાતદી તમને જ યાદ કરે છે.''
(૨) ☐ ''અમો પણ જન્મ્યા ત્યારથી મૂળજીને અખંડ સંભારીએ છીએ.''
(૩) ☐ ''મૂળજી તો મૂળ માયા, મૂળ પુરુષ તે સર્વથી પર છે.''
(૪) ☐ ''પ્રગટ અક્ષરબ્રહ્મને સંગે તે રૂપ થવાશે ત્યારે અમારો મહિમા સમજી શકાશે.''

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. મહારાજે .................... માં લાખ બ્રાહ્મણોની ચોરાશી જમાડી. (૫૨)
૨. મહારાજે લગ્નમાં ............................ પદો ગાવાની આજ્ઞા કરી. (૯૧)
૩. શ્રીજીમહારાજ ......................... ના સંકલ્પથી ધરમપુર પધાર્યા. (૮૭)
૪. આસો ....................... ગઢડામાં મૂર્તિપ્રતિષ્ઠા થઈ. (૧૪૦)

## વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૨ - આઠમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૭

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''એમને દર્શન કરવા આવવા દ્યો.'' (૪૫)
૨. ''આપ સાજા થઈ જાવ પછી આપણે જઈશું.'' (૫)
૩. ''દરબારમાં સાધુઓને ઉતારશો તો તમે ક્યાં રહેશો ?'' (૩૪)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પરિચય-૧''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૪]

૧. મૂળજીભાઈ ઝબકીને જાગી ગયા. (૨૧)

૨. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને અમદાવાદ તેડાવ્યા. (૩૦)

**પ્ર.૯** 'સાચા ઉપાસક નિત્યાનંદ સ્વામી' (૪-૫) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. મૂળજી બ્રહ્મચારી મહારાજની કઈ કઈ સેવા કરતા ? (૨૧)

૨. જાગા સ્વામીએ ત્યાગીની દીક્ષા કયા ગામમાં લીધી હતી ? (૫૦)

૩. બંને બહેનોને ગરાસ લખી આપી દાદાએ શું કરવા વિચાર્યું ? (૩૫)

૪. ગુણાતીતાનંદ સ્વામીની વિષયખંડન તથા સ્વરૂપનિષ્ઠાની વાતો સાંભળી નિત્યાનંદ સ્વામી શું કહેતા ? (૭)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષય :- લાડુબાએ દૂધ માટે ભેંસ ખરીદી (૪૩)**

**૧.** ''કૃષ્ણાવતારમાં આપને કોણ નવરાવતું ને જમાડતું ?'' **૨.** ભેંસે લસણ ખાધું છે તેથી દૂધમાં તેની દુર્ગંધ આવે છે. **૩.** શ્રીજીમહારાજ વાસુદેવ નારાયણના ઓરડામાં સભા કરીને બિરાજમાન હતા. **૪.** ગોપીનાથજીની મૂર્તિમાં રહીને દર્શન આપવા શ્રીજીમહારાજે કહ્યું. **૫.** ''ત્રણે અવસ્થામાં લાડુબાને અમારું જ ચિંતવન થાય છે.'' **૬.** શ્રીજીમહારાજને દૂધમાં દુર્ગંધ આવી તેથી દૂધ ન પીધું. **૭.** શ્રીજીમહારાજે ભેંસની કિંમત સો રૂપિયા આંકી, લાડુબાએ રાજી થઈને ચૂકવી દીધી. **૮.** સવારમાં શ્રીજીમહારાજને દૂધ પાવાનો લાડુબાને નિયમ. **૯.** તેજા ઠક્કર આવ્યા એટલે શ્રીજીમહારાજે દૂધ વખાણ્યું ને તેની ભેંસ જોવા પધાર્યા. **૧૦.** દયાળુ પ્રકૃતિને કારણે સંત-હરિભક્તો પ્રત્યે તેમને ઘણી આત્મીયતા હતી. **૧૧.** ''તમારાં છોકરાં શું ખાશે ?'' **૧૨.** ''દુર્વાસા બધી ગોપીઓના થાળ એકલા જમી ગયા તે સાચું હશે ?''

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | | | | | | |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | | | | | | |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ :-**વિદ્યાવારિધિ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી** :- ઈ. સ. ૧૮૭૨ના મહા વદ નોમની રાત્રે નિત્યાનંદ સ્વામીએ અમદાવાદમાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, પરમચૈત્યાનંદ સ્વામી, કૃપાનંદજીની હાજરીમાં કારણ દેહનો ત્યાગ કર્યો.

જવાબ :- **વિદ્યાવારિધિ સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી** :- **સંવત ૧૯૦૮**ના **માગશર સુદ ૮ના દિવસે** નિત્યાનંદ સ્વામીએ **વરતાલમાં** આચાર્યશ્રી **રઘુવીરજી** મહારાજ, **ગોપાળાનંદ** સ્વામી, **શુકમુનિ**, **શૂન્યાતીતાનંદજી** વગેરે સંતોની હાજરીમાં **ભૌતિક** દેહનો ત્યાગ કર્યો.

૧. **ભક્તરાજ દાદાખાચર :** દરબારમાં પાંચ બાઈઓ રહેતી હતી. એક વખત એક બાઈ દરબારમાંથી બત્રીસો રૂપિયાની ચોરી કરીને જતી રહી. (૩૭)

૨. **શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ :** સેવકોએ જોયું તો વાંસો લાલચોળ થઈને સૂજી ગયો હતો અને ગોદડાના એક ખૂણામાં લાલ કીડીઓ ફરતી હતી. આચાર્ય મહારાજ ફક્ત એટલું બોલ્યા કે ''સૌ સૌનાં કર્મ પ્રમાણે ફળ ભોગવે છે.'' (૨૯)

૩. **સદ્‌ગુરુ શ્રી નિત્યાનંદ સ્વામી :** વિષ્ણુ શર્મા થોડો સમય શ્રીજીમહારાજ સાથે ફર્યા, પછી દતિયા ગામમાં શ્રીજીમહારાજે તેમને ભાગવતી દીક્ષા આપી તેમનું 'નિત્યાનંદ' એવું શુભ નામ રાખ્યું. (૨)

૪. **શ્રી કૃષ્ણજી અદા:** જાગા ભક્તનો પક્ષ રાખવા સારુ મંદિરે બહાર પાડેલા નિવેદનમાં કૃષ્ણજી અદાએ સહી કરી. (૬૫)

## વિભાગ - ૩ : નિબંધ

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** [૧૦]

૧. ફાસ્ટ ફુડ અને તકલીફો (સ્વામિનારાયણ પ્રકાશ - સપ્ટેમ્બર - ૨૦૦૯, પા.નં. ૨૪ થી ૨૯)

૨. આદિવાસી ઉત્કર્ષનો આદર્શ : પ્રમુખસ્વામી મહારાજ (સ્વામિનારાયણ પ્રકાશ - એપ્રિલ - મે - ૨૦૧૧)

૩. યોગીજી મહારાજ, આપણે અને ક્રોધની જ્વાળાઓ (સ્વામિનારાયણ પ્રકાશ - જૂન - ૨૦૦૯, પા.નં ૭ થી ૧૩, ૩૬)

❊ ❊ ❊

નોંધ :- **આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૦ જુલાઈ, ૨૦૧૧ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**